**ક્રમાંક : ૧**

**પત્રક ભાગ-૧**
**કાર્યવાહીની ટૂંકી નોંધ**
**ચૌદમી ગુજરાત વિધાનસભા**
**ત્રીજું સત્ર**
**સોમવાર, તા. ૧૮મી ફેબ્રુઆરી, ૨૦૧૯**

નામદાર રાજ્યપાલ શ્રી ઓ. પી. કોહલીએ બપોરના ૧૧-૦૦ વાગ્યે વિધાનસભા ગૃહને હિન્દીમાં સંબોધન કર્યું.
(રાજયપાલશ્રીનું સંબોધન પૂરું થયા બાદ ૧૫ મિનિટના વિરામ બાદ)

**માનનીય અધ્યક્ષશ્રી રાજેન્દ્ર ત્રિવેદીના અધ્યક્ષપદે બપોરના ૧૧-૨૭ વાગ્યે સભાગૃહની બેઠક મળી.**

(સભાગૃહની બેઠકની શરૂઆત ''વંદેમાતરમ્'' સંગીતની ધૂન બજાવી કરવામાં આવી)

**૧. સભાગૃહના મેજ ઉપર મૂકાયેલી રાજ્યપાલશ્રીના સંબોધનની પ્રમાણિત નકલ**

સચિવશ્રીએ રાજયપાલશ્રીના સંબોધનની પ્રમાણિત નકલ સભાગૃહના મેજ ઉપર મૂકી.

**૨. રાજ્યપાલશ્રીના સંબોધન માટેનો આભાર પ્રસ્તાવ (રજૂઆત)**

સભ્યશ્રી ડો. નીમાબેન આચાર્યએ સભ્યશ્રી પૂર્ણેશ મોદીના અનુમોદનથી નીચે મુજબનો પ્રસ્તાવ રજૂ કર્યો.

''અમો આ સત્રમાં એકત્ર થયેલા ગુજરાત વિધાનસભાના સભ્યો, રાજયપાલશ્રીએ આ સભાગૃહ સમક્ષ કરેલ સંબોધન બદલ તેમનો આભાર માનીએ છીએ.''

**૩. શોકદર્શક ઉલ્લેખો**

માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ પુલવામામાં આતંકી હુમલામાં શહીદ થયેલ જવાનોને શ્રદ્ધાંજલિ આપ્યા બાદ રાજયના પૂર્વ મંત્રી સ્વ. શ્રી મનોહરસિંહજી પ્રદ્યુમનસિંહજી જાડેજા, ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્ય સ્વ. શ્રી પ્રવિણસિંહજી ગંભીરસિંહજી ગોહિલ, સ્વ. શ્રી જીતસિંહ સોમસિંહ પરમાર, સ્વ. શ્રી પ્રેમજીભાઇ શિવાભાઇ વડલાણી, સ્વ. શ્રી ભગવાનસિંહજી રાયસિંહજી ચૌહાણ અને સ્વ. શ્રી જયંતીલાલ પરષોત્તમભાઇ ભાનુશાળીના અવસાન અંગે શોકદર્શક ઉલ્લેખો કર્યા અને સ્વર્ગસ્થોને અંજલિ આપી.

ત્યારબાદ માનનીય વિરોધપક્ષના નેતાશ્રી પરેશભાઇ ધાનાણી, નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ, સભ્યશ્રી અમિતભાઇ ચાવડા, સભ્યશ્રી ડો. સી. જે. ચાવડા, સભ્યશ્રી શૈલેષભાઇ પરમાર, સભ્યશ્રી ગ્યાસુદ્દીન શેખ, સભ્યશ્રી જીતુભાઇ વાઘાણી, સભ્યશ્રી જશપાલસિંહ ઠાકોર, સભ્યશ્રી હિંમતસિંહ પટેલ તેમજ સંસદીય બાબતોના મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ પુલવામામાં આતંકી હુમલામાં શહીદ થયેલા જવાનોને શ્રદ્ધાંજલિ અને શોકદર્શક ઉલ્લેખમાં પોતાનો સૂર પૂરાવી શોકાંજલિ આપી.

ત્યારબાદ માનનીય અધ્યક્ષશ્રીએ પણ પુલવામામાં આતંકી હુમલામાં શહીદ થયેલ જવાનોને શ્રદ્ધાંજલિ આપી શોકદર્શક ઉલ્લેખમાં સૂર પૂરાવ્યો અને સ્વર્ગસ્થોને અંજલિ આપી.

ત્યારબાદ સભ્યશ્રીઓએ ઉભા થઇને બે મિનિટ મૌન પળ્યું.

ત્યારબાદ માનનીય અધ્યક્ષશ્રીએ સ્વર્ગસ્થોના કુટુંબીજનોને ગૃહની આ લાગણી પહોંચાડવામાં આવશે તેવી જાહેરાત કરી.

**૪. સભાગૃહની બેઠક મુલતવી રાખવા અંગે**

માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ પુલવામામાં આતંકી હુમલામાં શહીદ થયેલ જવાનોના માનમાં સભાગૃહની બેઠકનું બાકીનું કામકાજ મુલતવી રાખવા અંગેનો પ્રસ્તાવ રજૂ કરતા, વિરોધપક્ષના નેતાશ્રી પરેશભાઇ ધાનાણીએ તેને સમર્થન કરતા તદ્અનુસાર માનનીય અધ્યક્ષશ્રીએ સભાગૃહની બેઠક મુલતવી રાખી.

**સભાગૃહ, મંગળવાર તા. ૧૯મી ફેબ્રુઆરી, ૨૦૧૯ના રોજ બપોરના ૧૧-૦૦ વાગ્યે ફરી મળવા માટે બપોરના ૧-૧૮ કલાકે મુલતવી રહ્યું.**

**ડી.એમ.પટેલ**
**સચિવ,**
**ગુજરાત વિધાનસભા.**

**ગુજરાત વિધાનસભા સચિવાલય,**
**ગાંધીનગર.**
**તા. ૧૮મી ફેબ્રુઆરી, ૨૦૧૯**

**ક્રમાંક : ૨**

**પત્રક ભાગ–૧**
**કાર્યવાહીની ટૂંકી નોંધ**
**ચૌદમી ગુજરાત વિધાનસભા**
**ત્રીજું સત્ર**
**મંગળવાર, તા. ૧૯મી ફેબ્રુઆરી, ૨૦૧૯**

**૧. તારાંકિત પ્રશ્નોત્તરી**

મંગળવાર, તા. ૧૯મી ફેબ્રુઆરી, ૨૦૧૯ના રોજની તારાંકિત પ્રશ્નોત્તરીની યાદીમાંના પ્રશ્નો અગ્રતાક્રમ ૧, ૩ અને ૪ના મૌખિક જવાબ આપવામાં આવ્યા.

સભાગૃહમાં ગેરહાજર સભ્યશ્રીનો પ્રશ્ન અગ્રતાક્રમ–૨ને અતારાંકિત ગણવામાં આવ્યો.

સમયના અભાવે પૂછી ન શકાયેલા પ્રશ્નો અગ્રતાક્રમ ૫ થી ૩૭ને અતારાંકિત ગણવામાં આવ્યા.

**પ્રશ્નોત્તરીનો સમય બપોરના ૧૨–૦૦ કલાકે પૂરો થયો.**

**૨. અધ્યક્ષશ્રીની જાહેરાત**

માનનીય અધ્યક્ષશ્રીએ ગુજરાત રાજય અભિલેખાગાર કચેરી દ્વારા પ્રકાશિત પુસ્તક ''શાસનના સૂત્રો'' સભ્યશ્રીઓને વિતરીત કરવા અંગેની જાહેરાત કરી.

**૩. સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો**

નીચેના કાગળો તેની નીચે દર્શાવેલ મંત્રીશ્રીઓએ સભાગૃહના મેજ ઉપર મૂકયા.

(૧) ગુજરાત ગોપાલક વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૧૪–૨૦૧૫નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનલરની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન

**માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી ઈશ્વરભાઈ પરમાર**

(૨) ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૧૭–૧૮નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનલરની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

**પેટ્રોકેમિકલ્સ પ્રભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી સૌરભભાઈ પટેલ**

(૩) ગુજરાત વૃદ્ધિ કેન્દ્ર વિકાસ નિગમ લિમિટેડના સન ૨૦૧૫–૧૬ અને ૨૦૧૬–૧૭ના વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનલરની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન

**ઉદ્યોગ પ્રભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી સૌરભભાઈ પટેલ**

(૪) ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમનો સન ૨૦૧૬–૧૭નો વાર્ષિક અહેવાલ તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન

**ઉદ્યોગ પ્રભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી સૌરભભાઈ પટેલ**

(૫) ગુજરાત રાજય નાણાકીય નિગમના સન ૨૦૧૭–૨૦૧૮ના વાર્ષિક અહેવાલ અને વાર્ષિક હિસાબો પરનો ઓડિટ અહેવાલ

**ઉદ્યોગ પ્રભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી સૌરભભાઈ પટેલ**

(૬) ગુજરાત ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડના સન ૨૦૧૬–૨૦૧૭ના વાર્ષિક હિસાબો અને તેના ઉપરના ઓડિટ રિમાર્કસ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન

**માનનીય રાજ્ય કક્ષાના ગ્રામ ગૃહ નિર્માણ મંત્રીશ્રી બચુભાઈ ખાબડ**

(૭) આણંદ કૃષિ યુનિવર્સિટીનો સન ૨૦૧૩–૨૦૧૪નો ઓડિટ અહેવાલ અને તેના ઉપર લેવાયેલ પગલાંનું નિવેદન તથા વાર્ષિક હિસાબ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન

**માનનીય રાજ્ય કક્ષાના કૃષિ મંત્રીશ્રી જયદ્રથસિંહ પરમાર**

(૮) સરદાર કૃષિનગર–દાંતીવાડા યુનિવર્સિટીનો સન ૨૦૧૩–૨૦૧૪નો ઓડિટ અહેવાલ અને તેના ઉપર લેવાયેલ પગલાંનું નિવેદન તથા વાર્ષિક હિસાબ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન

**માનનીય રાજ્ય કક્ષાના કૃષિ મંત્રીશ્રી જયદ્રથસિંહ પરમાર**

(૯) સન ૧૯૭૨ના ગુજરાત આવશ્યક સેવા જાળવણી અધિનિયમ અન્વયેનું ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગનું તા.૨૮–૧–૨૦૧૯ના જાહેરનામા ક્રમાંકઃ જીએચયુ–૨૦૧૯–(૩)–જીયુવી–૧૧૨૦૧૦ – ૨૮૬૧–ક–(પાર્ટ–૨)

**માનનીય ઊર્જા મંત્રીશ્રી સૌરભભાઇ પટેલ**

**૪. સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા અનુમતિ મળેલ વિધેયકો**

સચિવશ્રીએ ચૌદમી ગુજરાત વિધાનસભાના પહેલા અને બીજા સત્રોમાં વિધાનસભાએ પસાર કરેલ અને જેને રાષ્ટ્રપતિશ્રીની અનુમતિ મળી છે તેવા સન ૨૦૧૮ના વિધેયક ક્રમાંક–૩ અને ૨૪ તથા બીજા સત્રમાં પસાર કરેલાં અને જેને રાજ્યપાલશ્રીની અનુમતિ મળી છે તેવાં સન ૨૦૧૮ના વિધેયક ક્રમાંક–૩૮, ૩૯, ૪૧, ૪૨ અને ૪૩ વિધાનસભાના મેજ ઉપર મૂકયાં.

**૫. સભ્યશ્રીના રાજીનામા અંગે માનનીય અધ્યક્ષશ્રીની જાહેરાત**

માનનીય અધ્યક્ષશ્રીએ, ૨૧–ઉંજા મત વિસ્તારના ધારાસભ્ય ડો. આશાબેન પટેલે આપેલ રાજીનામાનો સ્વીકાર કર્યા અંગેની જાહેરાત કરી.

**૬. વિધાનસભાની સમિતિના અહેવાલની રજૂઆત**

માનનીય અધ્યક્ષશ્રીએ કામકાજ સલાહકાર સમિતિનો ત્રીજો અહેવાલ વાંચીને રજૂ કર્યો.

**૭. માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રીનો પ્રસ્તાવ**

માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ નીચે મુજબનો પ્રસ્તાવ રજૂ કર્યો.

''આ સભાગૃહ, કામકાજ સલાહકાર સમિતિના ત્રીજા અહેવાલ સાથે સંમત થાય.''

પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

**૮. ખર્ચના પૂરક પત્રકની રજૂઆત**

માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે સન ૨૦૧૮–૨૦૧૯ના વર્ષ માટેના ખર્ચનું પૂરક પત્રક રજૂ કર્યું.

**૯. અંદાજપત્રની રજૂઆત** **(બપોરના ૧૨–૧૧)**

માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે સન ૨૦૧૯–૨૦૨૦ના વર્ષ માટેનું અંદાજપત્ર પ્રવચન વાંચવાનુ શરૂ કર્યું.

**૧૦. વિરામનો સમય રદ કરવા અંગે**

સભાગૃહનો વિરામનો સમય થવા આવતા, મુખ્ય દંડકશ્રી પંકજભાઇ દેસાઇએ અંદાજપત્ર પ્રવચન પૂર્ણ થાય ત્યાં સુધી સભાગૃહનો સમય લંબાવવા અને વિરામનો સમય રદ કરવાનો પ્રસ્તાવ રજૂ કરતા તદ્અનુસાર સભાગૃહનો વિરામનો સમય રદ કરવામાં આવ્યો.

**૧૧. અંદાજપત્રની રજૂઆત (ક્રમશઃ)**

ત્યારબાદ માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે તેમનું અધૂરું રહેલ અંદાજપત્ર પ્રવચન પૂર્ણ કર્યું અને સન ૨૦૧૯–૨૦૨૦ના નાણાકીય વર્ષનું અંદાજપત્ર ગૃહના મેજ પર મૂકયું.

**સભાગૃહ, બુધવાર તા. ૨૦મી ફેબ્રુઆરી, ૨૦૧૯ના રોજ સવારના ૯–૩૦ વાગ્યે ફરી મળવા માટે બપોરના ૨–૧૧ કલાકે મુલતવી રહ્યું.**

**ડી.એમ.પટેલ**
**સચિવ,**
**ગુજરાત વિધાનસભા.**

**ગુજરાત વિધાનસભા સચિવાલય,**
**ગાંધીનગર.**
**તા. ૧૯મી ફેબ્રુઆરી, ૨૦૧૯**

ક્રમાંક : ૩

**પત્રક ભાગ–૧**

**કાર્યવાહીની ટૂંકી નોંધ**
**ચૌદમી ગુજરાત વિધાનસભા**
**ત્રીજું સત્ર**
**બુધવાર, તા. ૨૦મી ફેબ્રુઆરી, ૨૦૧૯**
**(પહેલી બેઠક)**
**માનનીય અધ્યક્ષશ્રી રાજેન્દ્ર ત્રિવેદીના અધ્યક્ષપદે**
**સભાગૃહ સવારના ૦૯–૩૦ વાગ્યે ફરી મળ્યું.**

૧. **રાજયપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા (પહેલો દિવસ)**

માનનીય અધ્યક્ષશ્રીએ, સભ્યશ્રી ડો. નીમાબેન આચાર્યએ, સભ્ય શ્રી પૂર્ણેશ મોદીના અનુમોદનથી તા. ૧૮મી ફેબ્રુઆરી, ૨૦૧૯ના રોજ રજૂ કરેલ નીચે મુજબનો પ્રસ્તાવ સભાગૃહ સમક્ષ વાંચી સંભળાવ્યો.

રાજયપાલશ્રીને નીચે મુજબનો સંદેશો પાઠવવો.

''અમો, આ સત્રમાં એકત્ર થયેલા ગુજરાત વિધાનસભાના સભ્યો, રાજયપાલશ્રીએ આ સભાગૃહ સમક્ષ કરેલા સંબોધન બદલ તેમનો આભાર માનીએ છીએ.''

ત્યારબાદ સભ્યો સર્વ શ્રી પ્રદ્યુમનસિંહ જાડેજા, શ્રીમતી ગેનીબેન ઠાકોર, શ્રી નાથાભાઇ પટેલ, શ્રી જીજ્ઞેશ મેવાણી, શ્રી મહેશકુમાર પટેલ, શ્રી શીવાભાઇ ભૂરીયા, શ્રી કીરીટકુમાર પટેલ, શ્રી અશ્વીનભાઇ કોટવાલ, ડો. અનિલ જોષીયારા, ડો. સી. જે. ચાવડા, શ્રી હિંમતસિંહ પટેલ, શ્રી ગ્યાસુદ્દીન શેખ, શ્રી શૈલેષભાઇ પરમાર, શ્રી ઋત્વિકભાઇ મકવાણા, શ્રી બ્રીજેશભાઇ મેરજા, શ્રી લલીતભાઇ વસોયા, શ્રી ચીરાગભાઇ કાલરીયા, શ્રી જવાહરભાઇ ચાવડા, શ્રી બાબુભાઇ વાજા, શ્રી ભગાભાઇ બારડ, શ્રી વિરજીભાઇ ઠુમ્મર, શ્રી પ્રતાપભાઇ દુધાત, શ્રી પુનમભાઇ પરમાર, શ્રી કાળાભાઇ ડાભી, શ્રી અજીતસિંહ ચૌહાણ, શ્રી ભાવેશભાઇ કટારા, શ્રીમતી ચંદ્રીકાબેન બારૈયા, શ્રી મોહનસિંહ રાઠવા, શ્રી જશપાલસિંહ ઠાકોર, શ્રી પ્રેમસિંહ વસાવા, શ્રી સંજયભાઇ સોલંકી, શ્રી આનંદભાઇ ચૌધરી, શ્રી પુનાભાઇ ગામીત, શ્રી સુનિલભાઇ ગામીત, શ્રી અનંતકુમાર પટેલ અને શ્રી જીતુભાઇ ચૌધરીએ આભાર પ્રસ્તાવ પર પોતાના સુધારા રજૂ કર્યા.

ત્યારબાદ આભાર પ્રસ્તાવ અને તેના પર રજૂ થયેલ સુધારા પરની ચર્ચામાં નીચેના સભ્યશ્રીઓએ ભાગ લીધો.

(૧) ડો. નીમાબેન આચાર્ય
(૨) શ્રી પૂર્ણેશભાઇ મોદી
(૩) શ્રી શૈલેષભાઇ પરમાર
(૪) શ્રી રમણભાઇ પટેલ
(૫) શ્રી પુંજાભાઇ વંશ
(૬) શ્રીમતી સંગીતાબેન પાટીલ
(૭) શ્રી જીજ્ઞેશભાઇ મેવાણી
(૮) શ્રી અરવિંદભાઇ પટેલ
(૯) શ્રી અમરીશભાઇ ડેર
(૧૦) શ્રી લલીતભાઇ કગથરા

**(વિરામ સવારના ૧૧–૩૦ થી બપોરના ૧૨–૦૦)**

વિરામ બાદ નીચેના વધુ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧૧) શ્રી અભેસિંહ તડવી
(૧૨) ડો. સી. જે. ચાવડા
(૧૩) શ્રી વલ્લભભાઇ કાકડીયા
(૧૪) શ્રી હર્ષદભાઇ રીબડીયા
(૧૫) શ્રી વિવેકભાઇ પટેલ
(૧૬) શ્રી પ્રવિણભાઇ મારૂ
(૧૭) શ્રીમતી મનિષાબેન વકીલ

(૧૮) શ્રી ઇમરાન ખેડાવાલા
(૧૯) શ્રી કીર્તિસિંહ વાઘેલા
(૨૦) શ્રી ધવલસિંહ ઝાલા
(૨૧) શ્રી હિતુ કનોડીયા
(૨૨) શ્રી પ્રદ્યુમનસિંહ જાડેજા
(૨૩) શ્રી સૌરભભાઇ પટેલ (માનનીય મંત્રીશ્રી)

**સભાગૃહ, બીજી બેઠક માટે બપોરના ૩-૦૦ વાગ્યે ફરી મળવા માટે બપોરના ૧-૫૨ વાગ્યે મુલતવી રહ્યું.**

**બીજી બેઠક**

**માનનીય અધ્યક્ષશ્રી રાજેન્દ્ર ત્રિવેદીના અધ્યક્ષપદે**
**સભાગૃહ બપોરના ૩-૦૦ વાગ્યે ફરી મળ્યું.**

૧. **તારાંકિત પ્રશ્નોત્તરી**

બુધવાર, તા. ૨૦મી ફેબ્રુઆરી, ૨૦૧૯ના રોજની તારાંકિત પ્રશ્નોત્તરીની યાદીમાંનો પ્રશ્ન અગ્રતાક્રમ ૧ નો મૌખિક જવાબ આપવામાં આવ્યો.

૨. **સરદાર સાહેબની પ્રતિમા અંગે ઉચ્ચારાયેલ શબ્દો અંગે**

તારાંકિત પ્રશ્ન અગ્રતાક્રમ-૧ની ચર્ચા દરમિયાન માનનીય વિરોધપક્ષના નેતાશ્રી પરેશભાઇ ધાનાણીએ સરદાર પટેલના સ્ટેચ્યુ બાબતે વાંધાજનક ઉચ્ચારણો કરતા માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ તે શબ્દોથી સરદાર સાહેબનું અપમાન થતું હોઇ માનનીય વિરોધપક્ષના નેતાશ્રીએ શબ્દો પાછા ખેંચી લેવા જોઇએ અને માફી માગવી જોઇએ તેમ જણાવ્યું.

માનનીય અધ્યક્ષશ્રીએ વિરોધપક્ષના નેતાશ્રી પરેશભાઇ ધાનાણીને તેમણે બોલેલા શબ્દો અંગે માફી માગવા જણાવ્યું અને તે શબ્દો રેકર્ડમાંથી દૂર કરવાનો આદેશ કર્યો.

વિરોધપક્ષના નેતાશ્રી પરેશભાઇ ધાનાણીએ, તેઓ સરદાર સાહેબનું અપમાન થાય તેવા શબ્દો બોલ્યા નથી તેમ જણાવી માનનીય અધ્યક્ષશ્રીને રેકર્ડ તપાસી જવા અને જો એવા શબ્દો હું બોલ્યો હોઉં તો માફી માગીશ તેમ જણાવ્યું.

ત્યારબાદ વિરોધપક્ષના સભ્યશ્રીઓ પોતાની બેઠક પરથી ઉભા થઇને પાટલીઓની વચ્ચે આવીને સતત ખલેલ કરતાં માનનીય અધ્યક્ષશ્રીએ વારંવાર સભ્યશ્રીઓને પોતાની બેઠક લેવાની વિનંતી કરવા છતાં સતત અવરોધ ચાલુ રહેતા સભાગૃહનું કામકાજ ચલાવવાનું અશકય બનતાં માનનીય અધ્યક્ષશ્રીએ સભાગૃહ મુલતવી રાખ્યું.

**સભાગૃહની કાર્યવાહી મુલતવી રહેવાથી પૂછી ન શકાયેલા પ્રશ્નો અગ્રતાક્રમ ૨ થી ૩૭૨ને અતારાંકિત ગણવામાં આવ્યા.**
**મુલતવી રહેલ સભાગૃહ સાંજના ૪-૧૧ કલાકે ફરી મળ્યું.**

માનનીય અધ્યક્ષશ્રીએ, માનનીય વિરોધપક્ષના નેતાશ્રીએ સભાગૃહમાં આપેલ વકતવ્ય વાંચી સંભળાવી તેમણે બોલેલા શબ્દો બદલ માફી માગવા જણાવ્યું.

માનનીય વિરોધપક્ષના નેતાશ્રીએ, તેઓએ સરદાર સાહેબ માટે કોઇ અપમાનજનક શબ્દો બોલ્યા નથી અને તેમને આ ચેર પ્રત્યે ખૂબ જ માન અને આદર છે તેમ જણાવ્યું.

માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે, સમગ્ર સભાગૃહે જે શબ્દો સાંભળ્યા છે અને માનનીય અધ્યક્ષશ્રીએ વિરોધપક્ષના નેતાશ્રીના શબ્દો વાંચી સંભળાવ્યા પછી પણ વિરોધપક્ષના નેતાશ્રી એ વાત સ્વીકારી માફી માગતા નથી અને અધ્યક્ષશ્રીના આદેશનો પણ અનાદાર કરી રહ્યા છે તેમ જણાવ્યું.

ત્યારબાદ સભ્યશ્રી શૈલેષભાઇ પરમારે, માનનીય અધ્યક્ષશ્રીને વિનંતી કરતા જણાવ્યું કે, આ શબ્દો રેકર્ડ ઉપરથી રદ કરવા જોઇએ અને આ વાત અહીં સમાપ્ત કરવી જોઇએ.

માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ વિરોધપક્ષના નેતાશ્રીનું આ વલણ એ માત્ર માનનીય અધ્યક્ષશ્રીનું કે આ સભાગૃહનું જ નહીં પરંતુ સમગ્ર ગુજરાતનું અપમાન છે તેમ જણાવી માફી માગવા વિનંતી કરી.

માનનીય અધ્યક્ષશ્રીએ વિરોધપક્ષના નેતાશ્રીને ઉદ્દેશીને જણાવ્યું કે, બધાની વાત જવા દઇએ તો પણ આપે આ સભાગૃહમાં ત્રણ વખત જણાવ્યું છે કે હું આવા શબ્દો બોલ્યો હોઉં એ રેકર્ડ ઉપર હોય તો હું માફી માગીશ. હવે જયારે મેં રેકર્ડ વાંચી સંભળાવ્યું છે ત્યારે આપે આપના શબ્દો પાળીને માફી માગવી જોઇએ.

ત્યારબાદ શાસક પક્ષ અને વિરોધપક્ષના સભ્યશ્રીઓ તરફથી સતત સૂત્રોચ્ચાર થવા લાગતા અને સભાગૃહની કાર્યવાહી આગળ ચલાવવી મુશ્કેલ બનતા, માનનીય અધ્યક્ષશ્રીએ સભાગૃહ મુલતવી રાખ્યું.

**મુલતવી રહેલ સભાગૃહ સાંજના ૫-૫૭ કલાકે ફરી મળ્યું.**

માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે પ્રશ્નોત્તરી કાળ દરમિયાન વિરોધપક્ષના નેતાશ્રી દ્વારા વપરાયેલા શબ્દો બાબતે જણાવ્યું કે કોઇ પણ પથ્થરમાંથી જયારે મૂર્તિ બનાવવામાં આવે છે ત્યારે એ પથ્થર નહીં રહેતા આપણા માટે પૂજનીય બની જાય છે, તેથી સરદાર સાહેબની પ્રતિમા બાબતે વપરાયેલા શબ્દો માટે કોઇપણ શબ્દો ચોર્યા વગર દિલગીરી વ્યકત કરીને માફી માગવી જોઇએ તેમ જણાવ્યું.

વિરોધપક્ષના નેતા શ્રી પરેશભાઇ ધાનાણીએ સરકારની વેબસાઇટનો ઉલ્લેખ કરી જણાવ્યું કે, સરદાર સાહેબ સૌ કોઇ માટે હંમેશા આદરણીય છે અને પોતાના શબ્દોથી સરદાર સાહેબનું કોઇ અપમાન કર્યું નથી તેમ જણાવ્યું.

ત્યારબાદ માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે, માનનીય વિરોધપક્ષના નેતાશ્રીને સરદાર સાહેબના અપમાન માટે કોઇ ક્ષોભ નથી અને પોતે બોલેલા શબ્દોની પણ કોઇ કિંમત નથી તેથી સરદાર સાહેબની પ્રતિમાના અવમાન માટે વિપક્ષના નેતાશ્રીને આજના દિવસની કાર્યવાહીમાંથી સસ્પેન્ડ કરવા બાબતની દરખાસ્ત રજૂ કરી. જેને માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ સમર્થન કર્યું.

માનનીય અધ્યક્ષશ્રીએ, વિરોધપક્ષના નેતાશ્રીને વધુ એક તક આપવા માગું છું તેમ કહી જણાવ્યું કે આપે કહ્યું હતું કે, જો હું આવા શબ્દો રેકર્ડ ઉપર બોલ્યો હોઇશ તો સભાગૃહની માફી માગીશ, હવે જયારે આપના શબ્દો મેં વાંચી સંભળાવ્યા છે ત્યારે આપ માફી માગી લો તેમાં જ સભાગૃહનું ગૌરવ છે. તેમ છતાં માનનીય વિરોધપક્ષના નેતાશ્રી પોતાની વાતને વળગી રહેતા, માનનીય અધ્યક્ષશ્રીએ વિરોધ પક્ષના નેતાશ્રીને સસ્પેન્ડ કરવાની માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલની દરખાસ્ત મત ઉપર મૂકી, જેનો સ્વીકાર થતાં માનનીય વિરોધપક્ષના નેતાશ્રીને આજના દિવસના કામકાજમાંથી સસ્પેન્ડ કરવામાં આવ્યા અને તેમને સભાગૃહ છોડી જવા જણાવ્યું. તદ્અનુસાર વિરોધપક્ષના નેતાશ્રી પરેશભાઇ ધાનાણી સભાગૃહ છોડી ગયા અને સભાગૃહમાં ઉપસ્થિત વિરોધપક્ષના તમામ સભ્યશ્રીઓ સભાત્યાગ કરી ગયા.

**૩. સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો**

**નીચેના કાગળો તેની નીચે દર્શાવેલ મંત્રીશ્રીઓએ સભાગૃહના મેજ ઉપર મૂકયા.**

(૧) ગુજ-ટુર ડેવલપમેન્ટ કંપની લિમિટેડના સન ૨૦૧૬-૨૦૧૭ અને ૨૦૧૭-૨૦૧૮ના વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનલરની ટિપ્પણ તેમજ કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા સન ૨૦૧૬-૨૦૧૭ના અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન

માનનીય પ્રવાસન મંત્રીશ્રી શ્રી ગણપતસિંહ વસાવા

(૨) ધોલેરા ઇન્ટરનેશન એરપોર્ટ કંપની લિમિટેડનો સન ૨૦૧૭-૨૦૧૮નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનલરની ટિપ્પણ તેમજ કંપનીની કામગીરી અંગની સરકારની સમીક્ષા

ઉદ્યોગ પ્રભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી સૌરભભાઇ પટેલ

(૩) નેશનલ હાઇ સ્પીડ રેલ કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૧૭-૨૦૧૮નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનલરની ટિપ્પણ તેમજ કોર્પોરેશનની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ

(૪) ગુજરાત પાવર કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૧૭-૨૦૧૮નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનલરની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

માનનીય ઊર્જા મંત્રીશ્રી સૌરભભાઇ પટેલ

(૫) ગુજરાત રાજય જમીન વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૧૫-૨૦૧૬નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનલરની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન

માનનીય રાજયકક્ષાના કૃષિ મંત્રીશ્રી જયદ્રથસિંહજી પરમાર

(૬) ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૧૬-૨૦૧૭નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનલરની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન

માનનીય રાજયકક્ષાના સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગોના કલ્યાણ મંત્રીશ્રી વાસણભાઇ આહિર

(૭) ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૧૨-૨૦૧૩ અને સન ૨૦૧૩-૨૦૧૪નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનલરની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન

માનનીય રાજયકક્ષાના મહિલા અને બાળ કલ્યાણ મંત્રી શ્રીમતી વિભાવરીબેન દવે

(૮) ગુજરાત જાહેર સેવા આયોગનો સન ૨૦૧૬–૨૦૧૭નો વાર્ષિક અહેવાલ તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન

માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ

(૯) ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગના સન ૨૦૧૭–૨૦૧૮ના વાર્ષિક હિસાબ અને વાર્ષિક અહેવાલ

માનનીય ઊર્જા મંત્રીશ્રી સૌરભભાઇ પટેલ

(૧૦) ગુજરાત રાજય બાળ અધિકાર સંરક્ષણ આયોગના સન ૨૦૧૬–૨૦૧૭ અને સન ૨૦૧૭–૨૦૧૮ના વાર્ષિક અહેવાલો તથા સન ૨૦૧૬–૨૦૧૭ના અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન

માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી ઇશ્વરભાઇ પરમાર

(૧૧) ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડના સન ૨૦૧૭–૨૦૧૮ના વાર્ષિક હિસાબો અને ઓડિટ અહેવાલ

માનનીય રાજયકક્ષાના પાણી પુરવઠા મંત્રીશ્રી પરબતભાઇ પટેલ

(૧૨) સન ૨૦૦૧ના ગુજરાત મોટર સ્પિરિટ ઉપકર અધિનિયમ અન્વયેનું નાણા વિભાગનું તા.૩૦–૮–૨૦૧૮ના જાહેરનામા ક્રમાંકઃ (જીએચએન–૭૮)એમસીઆર–૨૦૧૮(૭)/ઠ

માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ

(૧૩) નાણા વિભાગના, સન ૨૦૦૩ના ગુજરાત મૂલ્યવર્ધિત વેરા અધિનિયમ અન્વયેના,

(૧) તા. ૫–૯–૨૦૧૭ના જાહેરનામા ક્રમાંક–(જીએચએન–૭૬) વીએટી–૨૦૧૭/એસ.૪૧ (૧) (૧૮) –ઠ

(૨) તા. ૧૦–૧૦–૨૦૧૭ના જાહેરનામા ક્રમાંક–(જીએચએન–૯૫) વીએટી–૨૦૧૭/એસ.૫ (૨) (૫૫) –ઠ

(૩) તા. ૧૯–૧–૨૦૧૮ના જાહેરનામા ક્રમાંક–(જીએચએન–૦૫) વીએઆર–૨૦૧૮ (૪૭)/ઠ

(૪) તા. ૨૮–૨–૨૦૧૮ના જાહેરનામા ક્રમાંક–(જીએચએન–૨૮) વીએઆર–૨૦૧૮ (૪૮)/ઠ

(૫) તા. ૮–૩–૨૦૧૮ના જાહેરનામા ક્રમાંક–(જીએચએન–૩૩) વીએટી–૨૦૧૮/એસ.૫ (૨) (૫૬)–ઠ

(૬) તા. ૧૬–૭–૨૦૧૮ના જાહેરનામા ક્રમાંક–(જીએચએન–૬૨) વીએટી–૨૦૧૮ / એસ.૪૦(૧) (૧૧)–ઠ

(૭) તા. ૪–૧૦–૨૦૧૮ના જાહેરનામા ક્રમાંક–(જીએચએન–૯૫) વીએટી–૨૦૧૮/એસ.૫(૨) (૫૭)–ઠ

માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ

(૧૪) શ્રમ અને રોજગાર વિભાગના, સન ૧૯૮૬ના બાળ અને કિશોર શ્રમ (પ્રતિબંધ અને નિયમન) અધિનિયમ અન્વયેના,

(૧) તા. ૧૭–૩–૨૦૧૮ના જાહેરનામા ક્રમાંક–કેએચઆર/૨૦૧૮/૭૨/ ઇસીએ/૧૨૨૦૧૭/ ૭૮૫૬૮૧/ એમ(૩)

(૨) તા.૧૭–૩–૨૦૧૮ના જાહેરનામા ક્રમાંક–કેએચઆર/૨૦૧૮/૭૩ / ઇસીએ/૧૨૨૦૧૭/૭૮૫૬૮૧(૧)/એમ(૩)

માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી દિલીપકુમાર ઠાકોર

(૧૫) સન ૧૯૯૩ના ગુજરાત પંચાયત અધિનિયમ અન્વયેના પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામવિકાસ વિભાગના તા.૧૦–૧૦–૨૦૧૮ના જાહેરનામા ક્રમાંકઃ કેપી/૨૦૧૮નો ૨૩/ઇએલસી/૧૦૨૦૧૭/ ૩૭૮૫/જી

માનનીય રાજયકક્ષાના પંચાયત મંત્રીશ્રી જયદ્રથસિંહજી પરમાર

૪. **વિધાનસભાની સમિતિના અહેવાલની રજૂઆત**

**બિન સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના પહેલા અહેવાલની રજૂઆત**

બિન–સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના સભ્યશ્રી રાઘવભાઇ મકવાણાએ સમિતિનો પહેલો અહેવાલ રજૂ કર્યો.

૫. **બિન–સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના સભ્યશ્રી રાઘવભાઇ મકવાણાનો પ્રસ્તાવ**

બિન–સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના સભ્યશ્રી રાઘવભાઇ મકવાણાએ નીચે મુજબનો પ્રસ્તાવ રજૂ કર્યો.

‘‘આ સભાગૃહ, બિન–સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના પહેલા અહેવાલ સાથે સંમત થાય.’’

પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

**૬. રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા (બીજો દિવસ)**

માનનીય અધ્યક્ષશ્રીએ, સભ્યશ્રી ડો. નીમાબેન આચાર્યએ, સભ્ય શ્રી પૂર્ણેશ મોદીના અનુમોદનથી તા. ૧૮મી ફેબ્રુઆરી, ૨૦૧૯ના રોજ રજૂ કરેલ નીચે મુજબનો પ્રસ્તાવ સભાગૃહ સમક્ષ વાંચી સંભળાવ્યો.

રાજ્યપાલશ્રીને નીચે મુજબનો સંદેશો પાઠવવો.

''અમો, આ સત્રમાં એકત્ર થયેલા ગુજરાત વિધાનસભાના સભ્યો, રાજ્યપાલશ્રીએ આ સભાગૃહ સમક્ષ કરેલા સંબોધન બદલ તેમનો આભાર માનીએ છીએ.''

**ત્યારબાદ આભાર પ્રસ્તાવ પરની ચર્ચામાં નીચેના સભ્યશ્રીઓએ ભાગ લીધો.**

(૧) શ્રી પ્રદિપભાઇ પરમાર
(૨) શ્રી સુરેશભાઇ પટેલ
(૩) શ્રી જગદીશભાઇ પંચાલ
(૪) શ્રી પિયુષભાઇ દેસાઇ
(૫) શ્રી હસમુખભાઇ પટેલ
(૬) શ્રી કનુભાઇ પટેલ
(૭) શ્રી અરવિંદભાઇ પટેલ
(૮) શ્રી રમેશભાઇ કટારા
(૯) શ્રી ગજેન્દ્રસિંહ પરમાર
(૧૦) શ્રી બલરાજસિંહ ચૌહાણ
(૧૧) શ્રી જીતેન્દ્ર સુખડીયા
(૧૨) શ્રી વી. ડી. ઝાલાવાડીયા

**સભાગૃહ, ગુરુવાર તા. ૨૧મી ફેબ્રુઆરી, ૨૦૧૯ ના રોજ સવારના ૯–૩૦ વાગ્યે ફરી મળવા માટે સાંજના ૭–૨૧ કલાકે મુલતવી રહ્યું.**

ગુજરાત વિધાનસભા સચિવાલય,
ગાંધીનગર.
તા. ૨૦મી ફેબ્રુઆરી, ૨૦૧૯

ડી.એમ.પટેલ
સચિવ,
ગુજરાત વિધાનસભા.

**ક્રમાંક : ૪**

**પત્રક ભાગ-૧**

**કાર્યવાહીની ટૂંકી નોંધ**
**ચૌદમી ગુજરાત વિધાનસભા**
**ત્રીજું સત્ર**
**ગુરુવાર, તા. ૨૧મી ફેબ્રુઆરી, ૨૦૧૯**
**(પહેલી બેઠક)**
**માનનીય અધ્યક્ષશ્રી રાજેન્દ્ર ત્રિવેદીના અધ્યક્ષપદે**
**સભાગૃહ સવારના ૦૯-૩૦ વાગ્યે ફરી મળ્યું.**

૧. **માતૃભાષા દિવસ નિમિત્તે શુભેચ્છા**

માનનીય શિક્ષણ મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ માતૃભાષા દિવસ નિમિત્તે સભાગૃહમાં પોતાની શુભેચ્છાઓ પાઠવી. ત્યારબાદ સભ્યશ્રી પુંજાભાઇ વંશે પણ માતૃભાષા દિવસ નિમિત્તે શુભેચ્છાઓ પાઠવી.

૨. **રાજયપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા ( ત્રીજો અને છેલ્લો દિવસ)**

માનનીય અધ્યક્ષશ્રીએ, સભ્યશ્રી ડો. નીમાબેન આચાર્યએ, સભ્ય શ્રી પૂર્ણેશ મોદીના અનુમોદનથી સભાગૃહમાં તા. ૧૮મી ફેબ્રુઆરી, ૨૦૧૯ના રોજ રજૂ કરેલ નીચે મુજબનો પ્રસ્તાવ સભાગૃહ સમક્ષ વાંચી સંભળાવ્યો.

રાજયપાલશ્રીને નીચે મુજબનો સંદેશો પાઠવવો.

''અમો, આ સત્રમાં એકત્ર થયેલા ગુજરાત વિધાનસભાના સભ્યો, રાજયપાલશ્રીએ આ સભાગૃહ સમક્ષ કરેલા સંબોધન બદલ તેમનો આભાર માનીએ છીએ.''

આભાર પ્રસ્તાવ પરની ચર્ચામાં નીચેના સભ્યશ્રીઓએ ભાગ લીધો.

(૧) શ્રી સુખરામભાઇ રાઠવા
(૨) શ્રી પુનાભાઇ ગામીત
(૩) શ્રીમતી ગેનીબેન ઠાકોર
(૪) શ્રી પ્રતાપભાઇ દુધાત
(૫) શ્રી પી. ડી. વસાવા
(૬) શ્રી પ્રદ્યુમનસિંહ જાડેજા

આભાર પ્રસ્તાવ પરની ચર્ચાનો જવાબ માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ આપ્યો.

**ત્યારબાદ રાજયપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર રજૂ થયેલા સુધારા ક્રમાંક ૧, ૨, ૪, ૫, ૬, ૮, ૧૦, ૧૧, ૧૩, ૧૪, ૧૫, ૧૬, ૧૮, ૧૯, ૨૦, ૨૨, ૨૪, ૨૫, ૨૭, ૨૮, ૨૯, ૩૫, ૩૭, ૩૮, ૩૯ ૪૧, ૪૨, ૪૩, ૪૫, ૪૬, ૪૭, ૪૮, ૪૯, ૫૦ અને ૫૧ મત ઉપર મૂકવામાં આવ્યા અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.**

**ત્યારબાદ રાજયપાલશ્રીના સંબોધન માટેનો આભાર પ્રસ્તાવ મત ઉપર મૂકવામાં આવ્યો અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.**

૩. **પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન**

શરૂઆતમાં માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે સન ૨૦૧૮-૧૯ના વર્ષ માટેની પૂરક માગણીઓની વિચારણા કરવા માટે સંવિધાનના અનુચ્છેદ ૨૦૩(૩)ની સાથે વાંચતા અનુચ્છેદ ૨૦૫ અન્વયેની માનનીય રાજયપાલશ્રીએ વિધાનસભાને કરેલી સિફારસ વાંચી સંભળાવી.

ત્યારબાદ માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે, પોલીસને લગતી સેવા અંગેની ગૃહ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની પૂરક માગણી ક્રમાંક ૪૩, માહિતી અને પ્રચારને લગતી સેવા અંગેની માહિતી અને પ્રસારણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની પૂરક માગણી ક્રમાંક ૫૪, શહેરી વિકાસને લગતી સેવા અંગેની શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની પૂરક માગણી ક્રમાંક ૧૦૨, તબીબી અને જાહેર આરોગ્યને લગતી સેવા અંગેની આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની પૂરક માગણી ક્રમાંક ૩૯, કૃષિને લગતી સેવા અંગેની કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગની મહેસૂલી ખર્ચ માટેની પૂરક માગણી ક્રમાંક-૨, શિક્ષણને લગતી સેવા અંગેની શિક્ષણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની પૂરક માગણી ક્રમાંક ૯, વીજળી શકિત પરિયોજનાઓને લગતી સેવા અંગેની ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગની

મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની પૂરક માગણી ક્રમાંક–૧૩, વાહન વ્યવહારને લગતી સેવા અંગેની બંદરો અને વાહન વ્યવહાર વિભાગની મહેસૂલી ખર્ચ માટેની પૂરક માગણી ક્રમાંક–૭૪ અને કુદરતી આફતો અંગે રાહતને લગતી સેવા અંગેની મહેસૂલ વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની પૂરક માગણી ક્રમાંક–૭૯ રજૂ કરી.

પૂરક માગણીઓ જેમ જેમ રજૂ થતી ગઇ તેમ તેમ માગણી ક્રમાંક–૪૩ ઉપરની કાપદરખાસ્ત ક્રમાંક–૧, ૨, ૪, ૫, ૭, ૯, ૧૦, ૧૩, ૧૪, ૧૬, ૧૭, ૧૮ અને ૨૦, માગણી ક્રમાંક–૫૪ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક–૨૩, ૨૫ અને ૨૬, માગણી ક્રમાંક–૧૦૨ ઉપરની કાપદરખાસ્ત ક્રમાંક–૨૭ ૨૮, ૨૯ અને ૩૦, માગણી ક્રમાંક–૩૯ ઉપરની કાપદરખાસ્ત ક્રમાંક–૩૧, ૩૪, ૩૫, ૩૬, ૩૭, ૩૯, ૪૦ અને ૪૧, માગણી ક્રમાંક–૨ ઉપરની કાપદરખાસ્ત ક્રમાંક–૪૩, ૪૬, ૪૮ અને ૪૯, માગણી ક્રમાંક–૯ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક– ૫૧, ૫૩, ૫૪, ૫૫, ૫૬, ૫૭, ૫૮ અને ૫૯, માગણી ક્રમાંક–૧૩ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક–૬૦ અને ૬૧, માગણી ક્રમાંક–૭૪ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક–૬૨ તેમજ માગણી ક્રમાંક–૭૯ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક–૬૩ અને ૬૪ સંબંધિત સભ્યશ્રીઓએ રજૂ કરી.

ત્યાર બાદ પૂરક માગણીઓ ઉપરની ચર્ચા શરૂ થવાના તબક્કે માનનીય અધ્યક્ષશ્રીએ પૂરક માગણીઓ પરની ચર્ચાની મર્યાદા અંગે ગૃહને માર્ગદર્શન આપ્યું.

ત્યારબાદ માનનીય અધ્યક્ષશ્રીએ, વિધાનસભાના નિયમોના નિયમ ૨૩૪(૪) અન્વયે ગિલોટીન અંગેની જાહેરાત કરી અને ગિલોટીન માટેનો સમય બપોરના ૨–૦૦ વાગ્યાનો ઠરાવવામાં આવ્યો.

ત્યારબાદ માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રીએ પૂરક માગણીઓ ઉપર પોતાનું મંતવ્ય વ્યકત કર્યું.

ત્યારબાદ રજૂ થયેલી પૂરક માગણીઓ અને કાપદરખાસ્તો પર ભેગી ચર્ચા શરૂ થઇ.

ચર્ચામાં નીચેના સભ્યશ્રીઓએ ભાગ લીધો.

(૧) શ્રી વિરજીભાઇ ઠુમ્મર
(૨) શ્રી શશીકાંત પંડયા
(૩) ડો. અનિલભાઇ જોષીયારા
(૪) શ્રી કનુભાઇ દેસાઇ

**(વિરામ સવારના ૧૧–૩૦ થી બપોરના ૧૨–૦૦)**

વિરામ બાદ નીચેના વધુ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૫) શ્રી બ્રીજેશભાઇ મેરજા
(૬) શ્રી રાકેશ શાહ
(૭) શ્રી કીરીટભાઇ પટેલ
(૮) શ્રી કિશોરસિંહ ચૌહાણ
(૯) શ્રી આનંદભાઇ ચૌધરી
(૧૦) શ્રી અરવિંદભાઇ રાણા
(૧૧) શ્રી વલ્લભભાઇ ધારવીયા
(૧૨) શ્રી ભરતભાઇ પટેલ
(૧૩) શ્રી અનંતકુમાર પટેલ
(૧૪) શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ
(૧૫) શ્રી ઋત્વિકભાઇ મકવાણા
(૧૬) શ્રી નરેશભાઇ પટેલ
(૧૭) શ્રી પ્રવિણભાઇ મુસડીયા

## ૪. અધ્યક્ષશ્રીની ટકોર

માનનીય અધ્યક્ષશ્રીએ, સભ્યશ્રીઓ પોતાના પ્રવચન દરમિયાન મંત્રીશ્રી કે સભ્યશ્રીને ઉદ્દેશીને સંબોધન કરે ત્યારે માનનીય મંત્રીશ્રી અથવા માનનીય સભ્યશ્રી તરીકે જ સંબોધન કરવું જોઇએ, અન્ય કોઇ સંબોધન કરવું વાજબી નથી તેવી ટકોર કરી.

## ૫. પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (ક્રમશઃ)

ત્યારબાદ નીચેના વધુ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧૮) શ્રી શીવાભાઇ ભુરીયા
(૧૯) શ્રી કુબેરભાઇ ડીંડોર

## ૬. અધ્યક્ષશ્રીની જાહેરાત

માનનીય અધ્યક્ષશ્રીએ, પૂરક માગણીઓમાં સભ્યશ્રી પુંજાભાઇ વંશ દ્વારા આંકડાઓમાં તફાવત હોવા અંગેના ઉપસ્થિત કરવામાં આવેલ મુદ્દા બાબતે આંકડાઓમાં કોઇ ભૂલ ન હોવા અંગેની સ્પષ્ટતા કરતી જાહેરાત કરી.

૭. **પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (ક્રમશઃ)**

ત્યારબાદ પૂરક માગણીઓ પરની ચર્ચાનો જવાબ માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે આપ્યો.

૮. **માતૃભાષા દિવસ નિમિતે શુભેચ્છા**

વિરોધપક્ષના નેતા શ્રી પરેશભાઇ ધાનાણીએ માતૃભાષા દિવસ નિમિતે પોતાની શુભેચ્છાઓ પાઠવી.

૯. **પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (ક્રમશઃ)**

ત્યારબાદ સભ્યશ્રી શૈલેષભાઇ પરમારે, માગણી ક્રમાંક–૨ ઉપર રજૂ થયેલ કાપદરખાસ્ત ક્રમાંક–૪૩, ૪૬, ૪૮ અને ૪૯ તેમજ માગણી ક્રમાંક–૭૯ ઉપર રજૂ થયેલી કાપ દરખાસ્ત ક્રમાંક–૬૩ અને ૬૪ પરત ખેંચી લીધી.

ત્યારબાદ પૂરક માગણી ક્રમાંક–૨ અને પૂરક માગણી ક્રમાંક–૭૯ મત ઉપર મૂકવામાં આવી અને તેનો વિના વિરોધે સ્વીકાર કરવામાં આવ્યો.

**ત્યારબાદ કાપદરખાસ્ત ક્રમાંક–૧, ૨, ૪, ૫, ૭, ૯, ૧૦, ૧૩, ૧૪, ૧૬, ૧૭, ૧૮, ૨૦, ૨૩, ૨૫, ૨૬, ૨૭, ૨૮, ૨૯, ૩૦, ૩૧, ૩૪, ૩૫, ૩૬, ૩૭, ૩૯, ૪૦ અને ૪૧, ૫૧, ૫૩, ૫૪, ૫૫, ૫૬, ૫૭, ૫૮, ૫૯, ૬૦, ૬૧ અને ૬૨ મત ઉપર મૂકવામાં આવી અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.**

**ત્યારબાદ પૂરક માગણી ક્રમાંક ૪૩, ૫૪, ૧૦૨, ૩૯, ૯, ૧૩ અને ૭૪ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.**

૧૦. **ગિલોટીન થયેલી માગણીઓ**

માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે સન ૨૦૧૮–૧૯ના વર્ષના અનુદાનો માટેની પૂરક માગણી ક્રમાંક ૫, ૬, ૧૪, ૧૫, ૧૬, ૨૨, ૨૩, ૨૬, ૨૭, ૩૧, ૩૩, ૩૫, ૪૦, ૪૨, ૪૪, ૪૬, ૪૭, ૪૮, ૪૯, ૫૦, ૫૭, ૬૨, ૬૫, ૬૬, ૬૭, ૭૦, ૭૧, ૭૮, ૮૦, ૮૧, ૮૨, ૮૩, ૮૪, ૮૫, ૮૬, ૮૭, ૮૮, ૯૦, ૯૨, ૯૫, ૯૬, ૯૮, ૧૦૩ અને ૧૦૪ રજૂ કરી, જે મત પર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

**સભાગૃહ, બીજી બેઠક માટે બપોરના ૩–૦૦ વાગ્યે ફરી મળવા માટે**
**બપોરના ૨–૦૦ વાગ્યે મુલતવી રહ્યું.**

**(બીજી બેઠક)**
**માનનીય અધ્યક્ષશ્રી રાજેન્દ્ર ત્રિવેદીના અધ્યક્ષપદે**
**સભાગૃહ બપોરના ૦૩–૦૦ વાગ્યે ફરી મળ્યું.**

૧. **તારાંકિત પ્રશ્નોત્તરી**

ગુરુવાર, તા. ૨૧મી ફેબ્રુઆરી, ૨૦૧૯ના રોજની તારાંકિત પ્રશ્નોત્તરીની યાદીમાંના પ્રશ્નો અગ્રતાક્રમ ૧, ૨ અને ૩ ના મૌખિક જવાબો આપવામાં આવ્યા.

સમયના અભાવે પૂછી ન શકાયેલા પ્રશ્નો અગ્રતાક્રમ–૪ થી ૩૫૩ને અતારાંકિત ગણવામાં આવ્યા.

**પ્રશ્નોત્તરીનો સમય સાંજના ૪–૦૦ વાગ્યે પૂરો થયો.**

૨. **વિધાનસભાની સમિતિના અહેવાલની રજૂઆત**

**જાહેર સાહસો માટેની સમિતિના ચોથા અને પાંચમા અહેવાલની રજૂઆત**

જાહેર સાહસો માટેની સમિતિના પ્રમુખશ્રી બાબુભાઇ બોખીરીયાએ સમિતિનો ચોથો અને પાંચમો અહેવાલ રજૂ કર્યો.

૩. **લેખાનુદાન પ્રસ્તાવ પર ચર્ચા અને મતદાન**

માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે બંધારણના અનુચ્છેદ ૨૦૬ને અનુચ્છેદ ૨૦૩ (૩) ની સાથે વાંચતા લેખાનુદાન પ્રસ્તાવને વિચારણામાં લેવા માટેની નામદાર રાજ્યપાલશ્રીની સિફારસ વાંચી સંભળાવી અને નીચેનો પ્રસ્તાવ રજૂ કર્યો.

''અનુસૂચિમાં દર્શાવેલ માગણીઓ મુજબ સન ૨૦૧૯–૨૦ના નાણાકીય વર્ષના અમુક ભાગ એટલે કે, એપ્રિલ થી જુલાઇ, ૨૦૧૯ના ચાર મહિના માટેના અંદાજી ખર્ચ પેટે રૂપિયા ૫,૧૪,૬૩,૩૧,૨૧,૦૦૦/– સુધીની રકમ રાજ્યપાલશ્રીને અગાઉથી મંજૂર કરવામાં આવે.''

ત્યારબાદ માનનીય અધ્યક્ષશ્રીએ લેખાનુદાન માટેના પ્રસ્તાવની ચર્ચાની મર્યાદા અંગે ગૃહને માર્ગદર્શન આપ્યું.

ત્યારબાદ માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રીએ પ્રસ્તાવના સમર્થનમાં પોતાનું વકતવ્ય રજૂ કર્યું.

ત્યારબાદ પ્રસ્તાવની ચર્ચામાં નીચેના સભ્યશ્રીઓએ ભાગ લીધો.

(૧) શ્રી વિક્રમભાઇ માડમ

(૨) શ્રીમતી ચંદ્રીકાબેન બારીયા

(૩) ડો. સી. જે. ચાવડા

ત્યારબાદ ચર્ચાનો જવાબ માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે આપ્યો.

ત્યારબાદ લેખાનુદાન પ્રસ્તાવ મત ઉપર મૂકવામાં આવ્યો અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

(વિરામ ૪–૫૩ થી ૫–૩૦)

૪. **બિન–સરકારી કામકાજ**

**બિન–સરકારી વિધેયકો**

**(૧) દાખલ કરવાના બિન–સરકારી વિધેયકો**

(૧) સભ્યશ્રી હર્ષદભાઇ રીબડીયાએ સન ૨૦૧૮નું ગુજરાત ખેડૂત દેવા માફી વિધેયક સભાગૃહની અનુમતિથી દાખલ કર્યું.

(૨) સભ્યશ્રી વિરજીભાઇ ઠુમ્મરે સન ૨૦૧૮નું ગુજરાત સહકારી મંડળી (સુધારા) વિધેયક સભાગૃહની અનુમતિથી દાખલ કર્યું.

(૨) **પહેલા, બીજા અને ત્રીજા વાચન માટેના બિન–સરકારી વિધેયકો**

૧. સભ્યશ્રી અમિતભાઇ ચાવડાએ ''સન ૨૦૧૮નું વિધેયક ક્રમાંક–૩૧–સન ૨૦૧૮નું ગુજરાત આર્થિક રીતે પછાત વર્ગો માટે (રાજયમાંની શૈક્ષણિક સંસ્થાઓમાં બેઠકો અને રાજય હેઠળની સેવાઓમાં નિમણૂકો અને જગાઓ અનામત રાખવા) બાબત વિધેયકના પ્રથમ વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો અને તેના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યકત કર્યું.

ત્યારબાદ નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી શશીકાંત પંડ્યા

(૨) શ્રી વિરજીભાઇ ઠુમ્મર

(૩) શ્રી ઋષિકેષ પટેલ

ચર્ચાનો જવાબ માનનીય મંત્રીશ્રી ઇશ્વરભાઇ પરમારે આપ્યો.

ત્યારબાદ વિધેયક મત ઉપર મૂકવામાં આવ્યું અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

૨. સભ્યશ્રી પૂર્ણેશભાઇ મોદીએ ''સન ૨૦૧૮નું વિધેયક ક્રમાંક–૧૬–સન ૨૦૧૮નું ગુજરાત જાહેર સંપત્તિને થતું નુકસાન અને તોડફોડ અટકાવવા બાબત વિધેયકના પ્રથમ વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો અને તેના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યકત કર્યું.

ત્યારબાદ નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) ડો. સી. જે. ચાવડા

(૨) શ્રી પ્રવિણભાઇ મારૂ

ચર્ચાનો જવાબ માનનીય રાજય કક્ષાના ગૃહ મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ આપ્યો.

ત્યારબાદ સભાગૃહની અનુમતિથી વિધેયક પાછું ખેંચી લેવામાં આવ્યું.

**સભાગૃહ, શુકવાર તા. ૨૨મી ફેબ્રુઆરી, ૨૦૧૯ ના રોજ સવારના ૯–૩૦ વાગ્યે ફરી મળવા માટે સાંજના ૬–૫૩ કલાકે મુલતવી રહ્યું.**

ગુજરાત વિધાનસભા સચિવાલય,
ગાંધીનગર.
તા. ૨૧મી ફેબ્રુઆરી, ૨૦૧૯

ડી.એમ.પટેલ
સચિવ,
ગુજરાત વિધાનસભા.

**ક્રમાંક : ૫**

**પત્રક ભાગ–૧**

**કાર્યવાહીની ટૂંકી નોંધ**
**ચૌદમી ગુજરાત વિધાનસભા**
**ત્રીજું સત્ર**
**શુક્રવાર, તા. ૨૨મી ફેબ્રુઆરી, ૨૦૧૯**
**(પહેલી બેઠક)**
**માનનીય અધ્યક્ષશ્રી રાજેન્દ્ર ત્રિવેદીના અધ્યક્ષપદે**
**સભાગૃહ સવારના ૦૯–૩૦ વાગ્યે ફરી મળ્યું.**

૧. **સરકારી વિધેયકો**

**(૧)** માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે સન ૨૦૧૯નું વિધેયક ક્રમાંક–૫–સન ૨૦૧૯નું ગુજરાત (પૂરક) વિનિયોગ વિધેયક દાખલ કર્યા બાદ પહેલા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો અને તેના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યકત કર્યું.

માનનીય અધ્યક્ષશ્રીએ, ગુજરાત (પૂરક) વિનિયોગ વિધેયક ઉપર આપેલા મુદ્દા અને તેની ચર્ચા માટેની સમય મર્યાદા અંગેની જાહેરાત કરી.

ત્યારબાદ મુદ્દા આપનાર નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) ડો. સી. જે. ચાવડા
(૨) શ્રી પુંજાભાઇ વંશ
(૩) શ્રી વિરજીભાઇ ઠુમ્મર
(૪) શ્રી અમરીશભાઇ ડેર
(૫) શ્રી બ્રીજેશભાઇ મેરજા
(૬) શ્રી ઇમરાનભાઇ ખેડાવાલા
(૭) શ્રી જીતુભાઇ ચૌધરી
(૮) શ્રી પ્રદ્યુમનસિંહ જાડેજા
(૯) ડો. અનિલભાઇ જોષીયારા
(૧૦) શ્રી સુખરામભાઇ રાઠવા
(૧૧) શ્રી પુનાભાઇ ગામીત
(૧૨) શ્રી મોહનસિંહભાઇ રાઠવા
(૧૩) શ્રી લલીતભાઇ વસોયા
(૧૪) શ્રી હિંમતસિંહ પટેલ
(૧૫) શ્રી વિમલભાઇ ચુડાસમા

ચર્ચાનો જવાબ માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે આપ્યો.

ત્યારબાદ પહેલા અને બીજા વાચન માટેના પ્રસ્તાવો મત માટે મૂકવામાં આવ્યા અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

**કલમવાર વાચન**

કલમ ૨ અને ૩, અનુસૂચિ, કલમ ૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેકર્ટીંગ ફોર્મ્યુલા મત ઉપર મૂકવામાં આવી અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

કલમ ૨ અને ૩, અનુસૂચિ, કલમ ૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેકર્ટીંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.

ત્યારબાદ વિધેયકના પ્રભારી મંત્રીશ્રીએ વિધેયકના ત્રીજા વાચન માટેનો પ્રસ્તાવ રજૂ કર્યો, જે મત ઉપર મૂકવામાં આવ્યો, તેનો સ્વીકાર કરવામાં આવ્યો અને વિધેયક સર્વાનુમતે પસાર કરવામાં આવ્યું.

**(૨)** માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે સન ૨૦૧૯નું વિધેયક ક્રમાંક–૬–સન ૨૦૧૯નું ગુજરાત વિનિયોગ (લેખાનુદાન) વિધેયક દાખલ કર્યા બાદ પહેલા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો અને તેના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યકત કર્યું.

વિનિયોગ (લેખાનુદાન) વિધેયક ઉપર માનનીય સભ્યશ્રીઓએ મુદ્દા આપેલ ન હોવાથી વિધેયકના પહેલા અને બીજા વાચન માટેના પ્રસ્તાવો મત માટે મૂકવામાં આવ્યા અને તેનો વિના વિરોધે સ્વીકાર કરવામાં આવ્યો.

**કલમવાર વાચન**

કલમ ૨ અને ૩, અનુસૂચિ, કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેક્ટીંગ ફોર્મ્યુલા મત ઉપર મૂકવામાં આવી અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

કલમ ૨ અને ૩, અનુસૂચિ, કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેક્ટીંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.

ત્યારબાદ વિધેયકના પ્રભારી મંત્રીશ્રીએ વિધેયકના ત્રીજા વાચન માટેનો પ્રસ્તાવ રજૂ કર્યો, જે મત ઉપર મૂકવામાં આવ્યો, તેનો સ્વીકાર કરવામાં આવ્યો અને વિધેયક સર્વાનુમતે પસાર કરવામાં આવ્યું.

**(૩)** નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે સન ૨૦૧૯નું વિધેયક ક્રમાંક–૧–સન ૨૦૧૯નું ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (સુધારા) વિધેયક શાબ્દિક સુધારા સહિત દાખલ કર્યા બાદ પહેલા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો અને તેના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યકત કર્યું.

ત્યારબાદ નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી હિંમતસિંહ પટેલ
(૨) શ્રી જીતેન્દ્ર સુખડીયા

ચર્ચાનો જવાબ માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે આપ્યો.

ત્યારબાદ પહેલા અને બીજા વાચન માટેના પ્રસ્તાવો મત માટે મૂકવામાં આવ્યા અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

**કલમવાર વાચન**

કલમ ૨ અને ૩, કલમ ૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેક્ટીંગ ફોર્મ્યુલા મત માટે મૂકવામાં આવી અને તેનો વિના વિરોધે સ્વીકાર કરવામાં આવ્યો.

કલમ ૨ અને ૩, કલમ ૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેક્ટીંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.

ત્યારબાદ વિધેયકના પ્રભારી મંત્રીશ્રીએ વિધેયકના ત્રીજા વાચન માટેનો પ્રસ્તાવ રજૂ કર્યો, જે મત ઉપર મૂકવામાં આવ્યો, તેનો સ્વીકાર કરવામાં આવ્યો અને વિધેયક સર્વાનુમતે પસાર કરવામાં આવ્યું.

**(૪)** નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે સન ૨૦૧૯નું વિધેયક ક્રમાંક–૨–સન ૨૦૧૯નું ગુજરાત ગૃહનિર્માણ બોર્ડ (સુધારા)વિધેયક દાખલ કર્યા બાદ પહેલા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો અને તેના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યકત કર્યું.

ત્યારબાદ નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી બ્રીજેશભાઇ મેરજા
(૨) શ્રી વિવેકભાઇ પટેલ

ચર્ચાનો જવાબ માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે આપ્યો.

ત્યારબાદ વિધેયકના પહેલા અને બીજા વાચન માટેના પ્રસ્તાવો મત માટે મૂકવામાં આવ્યો અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

**કલમવાર વાચન**

કલમ ૨, કલમ ૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેક્ટીંગ ફોર્મ્યુલા મત ઉપર મૂકવામાં આવી અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

કલમ ૨, કલમ ૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેક્ટીંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.

ત્યારબાદ વિધેયકના પ્રભારી મંત્રીશ્રીએ વિધેયકના ત્રીજા વાચન માટેનો પ્રસ્તાવ રજૂ કર્યો, જે મત ઉપર મૂકવામાં આવ્યો, તેનો સ્વીકાર કરવામાં આવ્યો અને વિધેયક સર્વાનુમતે પસાર કરવામાં આવ્યું.

(૫) માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી દિલીપકુમાર ઠાકોરે સન ૨૦૧૯નું વિધેયક ક્રમાંક–૩–સન ૨૦૧૯નું ગુજરાત દુકાન અને સંસ્થા (રોજગાર નિયમન અને સેવાની શરતો) વિધેયક દાખલ કર્યા બાદ પહેલા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો અને તેના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યકત કર્યું.

(વિરામ સવારના ૧૧–૨૫ થી બપોરના ૧૨–૦૦)

વિરામ બાદ માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી દિલીપકુમાર ઠાકોરે પોતાનું અધૂરું રહેલ પ્રવચન પૂર્ણ કર્યું.

ત્યારબાદ નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી લલીતભાઇ કગથરા
(૨) શ્રી પૂર્ણેશભાઇ મોદી
(૩) ડો. અનિલભાઇ જોષીયારા
(૪) ડો. નીમાબેન આચાર્ય

ચર્ચાનો જવાબ માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી દિલીપકુમાર ઠાકોરે આપ્યો.

ત્યારબાદ પહેલા અને બીજા વાચન માટેના પ્રસ્તાવો મત માટે મૂકવામાં આવ્યા અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

**કલમવાર વાચન**

કલમ ૨ થી ૪૧, કલમ ૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેક્ટીંગ ફોર્મ્યુલા ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

કલમ ૨ થી ૪૧, કલમ ૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેક્ટીંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.

ત્યારબાદ વિધેયકના પ્રભારી મંત્રીશ્રીએ વિધેયકના ત્રીજા વાચન માટેનો પ્રસ્તાવ રજૂ કર્યો, જે મત ઉપર મૂકવામાં આવ્યો, તેનો સ્વીકાર કરવામાં આવ્યો અને વિધેયક પસાર કરવામાં આવ્યું.

(૬) નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે સન ૨૦૧૯નું વિધેયક ક્રમાંક–૪–સન ૨૦૧૯નું ગુજરાત ખેત–જમીન ટોચ મર્યાદા (સુધારા) વિધેયક સભાગૃહની અનુમતિથી દાખલ કર્યા બાદ પહેલા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો અને તેના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યકત કર્યું.

ત્યારબાદ નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી અમરીશભાઇ ડેર
(૨) શ્રી સી. કે. રાઉલજી
(૩) શ્રી બળદેવજી ઠાકોર
(૪) શ્રી વિક્રમભાઇ માડમ
(૫) શ્રી પ્રતાપભાઇ દુધાત
(૬) શ્રી પુંજાભાઇ વંશ
(૭) ડો. સી. જે. ચાવડા
(૮) શ્રી પ્રદ્યુમનસિંહ જાડેજા
(૯) શ્રી બ્રીજેશભાઇ મેરજા

ચર્ચાનો જવાબ માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે આપ્યો.

ત્યારબાદ પહેલા અને બીજા વાચન માટેના પ્રસ્તાવો મત માટે મૂકવામાં આવ્યા અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

**કલમવાર વાચન**

કલમ ૨, કલમ ૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેક્ટીંગ ફોર્મ્યુલા મત ઉપર મૂકવામાં આવી અને તેનો વિના વિરોધે સ્વીકાર કરવામાં આવ્યો.

કલમ ૨, કલમ ૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેક્ટીંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.

ત્યારબાદ વિધેયકના પ્રભારી મંત્રીશ્રીએ વિધેયકના ત્રીજા વાચન માટેનો પ્રસ્તાવ રજૂ કર્યો, જે મત ઉપર મૂકવામાં આવ્યો, તેનો સ્વીકાર કરવામાં આવ્યો અને વિધેયક સર્વાનુમતે પસાર કરવામાં આવ્યું.

**સભાગૃહ, બીજી બેઠક માટે બપોરના ૩–૦૦ વાગ્યે ફરી મળવા માટે**
**બપોરના ૧–૧૪ વાગ્યે મુલતવી રહ્યું.**

**(બીજી બેઠક)**
**માનનીય અધ્યક્ષશ્રી રાજેન્દ્ર ત્રિવેદીના અધ્યક્ષપદે**
**સભાગૃહ બપોરના ૦૩–૦૦ વાગ્યે ફરી મળ્યું.**

**૧. પ્રશ્નોત્તરી**

**(ક) તારાંકિત પ્રશ્નોત્તરી**

શુક્રવાર, તા. ૨૨મી ફેબ્રુઆરી, ૨૦૧૯ના રોજની તારાંકિત પ્રશ્નોત્તરીની યાદીમાંના પ્રશ્નો અગ્રતાક્રમ ૧, ૨, ૩, ૪ અને ૫ ના મૌખિક જવાબો આપવામાં આવ્યા.

સમયના અભાવે પૂછી ન શકાયેલા પ્રશ્નો અગ્રતાક્રમ–૬ થી૩૫૧ ને અતારાંકિત ગણવામાં આવ્યા.

**પ્રશ્નોત્તરીનો સમય સાંજના ૪–૦૦ વાગ્યે પૂરો થયો.**

**(ખ) અતારાંકિત પ્રશ્નોત્તરી**

માનનીય અધ્યક્ષશ્રીએ પહેલી, બીજી, ત્રીજી, ચોથી, પાંચમી, છઠ્ઠી, સાતમી, આઠમી, નવમી, દસમી, અગિયારમી, બારમી, તેરમી, ચૌદમી, પંદરમી, સોળમી, સત્તરમી, અઢારમી, ઓગણીસમી, વીસમી, એકવીસમી, બાવીસમી, ત્રેવીસમી અને ચોવીસમી અતારાંકિત યાદી સભાગૃહના મેજ ઉપર મૂકી.

૨. **પોઇન્ટ ઓફ ઇન્ફર્મેશન**

**એસ.ટી. નિગમના કર્મચારીઓ અને પ્રાથમિક શિક્ષકોના આંદોલન અંગે**

સભ્યશ્રી શૈલેષભાઇ પરમારે એસ.ટી. નિગમના કર્મચારીઓની હડતાલ, પ્રાથમિક શિક્ષકોનું આંદોલન તેમજ સસ્તા અનાજની દુકાન વાળાના આંદોલન અંગે સરકાર શું પગલાં લેવા માગે છે તેમ જણાવ્યું.

માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રીએ, સરકાર દ્વારા ૩ સિનિયર મંત્રીશ્રીઓની સમિતિ બનાવી છે અને આ આંદોલનકારીઓ સાથે ચર્ચા કરી પ્રશ્નનો ઝડપથી ઉકેલ લાવવા માટેના પ્રયાસો ચાલુ છે તેમ જણાવ્યું.

માનનીય વિરોધપક્ષના નેતાશ્રીએ પણ આંદોલનકારીઓ સાથે ઉચ્ચસ્તરીય સમિતિ દ્વારા સકારાત્મક ચર્ચા કરી ઝડપી ઉકેલ લાવવાનું જણાવ્યું.

૩. **માનનીય ઊર્જા મંત્રીશ્રી સૌરભભાઇ પટેલનું નિવેદન (નિયમ-૪૪)**

માનનીય ઊર્જા મંત્રીશ્રી સૌરભભાઇ પટેલે નિયમ-૪૪ હેઠળ ''ખેતી વિષયક વીજ જોડાણ ધરાવતા ખેડૂતોના વીજ જોડાણમાં વધારાનો વીજભાર વિનિયમિત કરવા માટેની સ્વૈચ્છિક જાહેરાત યોજનાનો લાભ લેવા માટેનો સમય ગાળો લંબાવવા'' અંગેનું નિવેદન રજૂ કર્યું.

૪. **સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો**

નીચેના કાગળો તેની નીચે દર્શાવેલ મંત્રીશ્રીઓએ સભાગૃહના મેજ ઉપર મૂકયા.

(૧) ગુજરાત શહેરી વિકાસ કંપની લિમિટેડનો સન ૨૦૧૬-૨૦૧૭નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનલરની ટિપ્પણ તેમજ કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન

માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ

(૨) મેટ્રો-લીંક એકસપ્રેસ ફોર ગાંધીનગર એન્ડ અમદાવાદ(મેગા) કંપની લિમિટેડનો સન ૨૦૧૭-૨૦૧૮નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનલરની ટિપ્પણ તેમજ કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ

(૩) ગુજરાત ઇન્ફોર્મેટીકસ લિમિટેડનો સન ૨૦૧૫-૨૦૧૬નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનલરની ટિપ્પણ તેમજ કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન

વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી આર. સી. ફળદુ

(૪) ગુજરાત એનર્જી ટ્રાન્સમિશન કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૧૭-૨૦૧૮નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનલરની ટિપ્પણ તેમજ કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

માનનીય ઊર્જા મંત્રીશ્રી સૌરભભાઇ પટેલ

(૫) ગુજરાત મેડીકલ સર્વિસિસ કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૧૬-૨૦૧૭નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનલરની ટિપ્પણ તેમજ કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન

માનનીય રાજ્યકક્ષાના આરોગ્ય મંત્રીશ્રી કિશોરભાઇ કાનાણી

(૬) ગુજરાત રાજ્ય માર્ગ વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૧૭-૨૦૧૮નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનલરની ટિપ્પણ તેમજ કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ

(૭) ગુજરાત પ્રવાસન નિગમ લિમિટેડનો સન ૨૦૧૭-૨૦૧૮નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનલરની ટિપ્પણ તેમજ કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

માનનીય પ્રવાસન મંત્રીશ્રી જયેશભાઇ રાદડીયા

(૮) ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૧૭-૨૦૧૮નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનલરની ટિપ્પણ તેમજ કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

માનનીય ઊર્જા મંત્રીશ્રી સૌરભભાઇ પટેલ

(૯) ગુજરાત રાજય નાગરિક પુરવઠા નિગમ લિમિટેડનો સન ૨૦૧૭–૨૦૧૮નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનલરની ટિપ્પણ તેમજ કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી જયેશભાઇ રાદડીયા

(૧૦) ગુજરાત રાજય પોલીસ આવાસ નિગમ લિમિટેડનો સન ૨૦૧૭–૨૦૧૮નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનલરની ટિપ્પણ તેમજ કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

માનનીય રાજયકક્ષાના ગૃહ મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજા

(૧૧) ગુજરાત ડેરી વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૧૭–૨૦૧૮નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનલરની ટિપ્પણ તેમજ કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

માનનીય રાજયકક્ષાના પશુપાલન મંત્રીશ્રી બચુભાઇ ખાબડ

(૧૨) ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૧૪–૨૦૧૫નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનલરની ટિપ્પણ તેમજ કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન

માનનીય રાજયકક્ષાના મહિલા અને બાળ કલ્યાણ મંત્રી શ્રીમતી વિભાવરીબેન દવે

(૧૩) આલ્કોક એશડાઉન (ગુજરાત) લિમિટેડનો સન ૨૦૧૭–૨૦૧૮નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનલરની ટિપ્પણ તેમજ કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

ઉદ્યોગ પ્રભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી સૌરભભાઇ પટેલ

(૧૪) ગુજરાત ઔદ્યોગિક મૂડી રોકાણ નિગમ લિમિટેડનો સન ૨૦૧૬–૨૦૧૭નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનલરની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન

ઉદ્યોગ પ્રભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી સૌરભભાઇ પટેલ

(૧૫) ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમનો સન ૨૦૧૬–૨૦૧૭નો વાર્ષિક અહેવાલ, તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન

માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી ઇશ્વરભાઇ પરમાર

(૧૬) ગુજરાત શ્રમયોગી કલ્યાણ બોર્ડના સન ૨૦૧૫–૨૦૧૬, ૨૦૧૬–૨૦૧૭ અને ૨૦૧૭–૨૦૧૮ના વાર્ષિક અહેવાલો તથા સન ૨૦૧૫–૨૦૧૬ અને સન ૨૦૧૬–૨૦૧૭ના અહેવાલોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન

માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી દિલીપકુમાર ઠાકોર

(૧૭) ગુજરાત રાજય અન્ન આયોગનો સન ૨૦૧૭–૨૦૧૮નો વાર્ષિક અહેવાલ

માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી જયેશભાઇ રાદડીયા

(૧૮) ગુજરાત રાજય માનવ અધિકાર આયોગનો સન ૨૦૧૭–૨૦૧૮નો વાર્ષિક અહેવાલ

માનનીય રાજયકક્ષાના ગૃહ મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજા

(૧૯) ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડનો સન ૨૦૧૭–૨૦૧૮નો વાર્ષિક વહીવટી અહેવાલ

માનનીય રાજયકક્ષાના પાણી પુરવઠા મંત્રીશ્રી પરબતભાઇ પટેલ

(૨૦) સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાતના સન ૨૦૧૬–૨૦૧૭ અને ૨૦૧૭–૨૦૧૮ના વાર્ષિક વહીવટી અહેવાલો અને વાર્ષિક હિસાબો તથા સન ૨૦૧૬–૨૦૧૭ના વાર્ષિક વહીવટી અહેવાલ તથા વાર્ષિક હિસાબોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન

માનનીય રાજયકક્ષાના રમતગમત મંત્રીશ્રી ઇશ્વરસિંહ પટેલ

(૨૧) ગુજરાત સ્લમ કલીયરન્સ બોર્ડનો સન ૨૦૧૧–૨૦૧૨ના વાર્ષિક હિસાબો અને ઓડિટ અહેવાલ તેમજ ગુજરાત હાઉસિંગ બોર્ડના સન ૨૦૧૫–૨૦૧૬ના વાર્ષિક હિસાબો અને ઓડિટ અહેવાલ તથા સન ૨૦૧૬–૨૦૧૭ના વાર્ષિક વહીવટી અહેવાલ તેમજ ગુજરાત હાઉસિંગ બોર્ડ અને સ્લમ કલીયરન્સ સેલના સન ૨૦૧૫–૨૦૧૬ અને સન ૨૦૧૮–૨૦૧૯ના અંદાજપત્રકો તથા સન ૨૦૧૮–૨૦૧૯ના અંદાજપત્રકો સિવાયના તમામ અહેવાલોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતાં નિવેદન

માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ

(૨૨) ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડનો સન ૨૦૧૭–૨૦૧૮ના વાર્ષિક હિસાબો અને ઓડિટ અહેવાલ

માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ

(૨૩) ધોલેરા ખાસ મૂડીરોકાણ પ્રાદેશિક વિકાસ સત્તામંડળનો સન ૨૦૧૭–૨૦૧૮નો વાર્ષિક અહેવાલ અને હિસાબો

ઉદ્યોગ પ્રભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી સૌરભભાઇ પટેલ

(૨૪) સન ૨૦૧૭ના ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ અને ગુજરાત માલ અને સેવા વેરા નિયમો અન્વયેના આ સાથેના પત્રકમાં જણાવ્યા મુજબના નાણા વિભાગના કુલ-૧૩૬ જાહેરનામા તેમજ આ જાહેરનામાને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન

માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ

(૨૫) સન ૨૦૧૩ના જમીન સંપાદન, પુનઃસ્થાપન અને પુનર્વસવાટમાં વાજબી વળતર અને પારદર્શિતાનો અધિકાર અધિનિયમ અન્વયેના મહેસૂલ વિભાગના તા.૧૩-૧૦-૨૦૧૭ના જાહેરનામા ક્રમાંકઃ એએમ/૨૦૧૭/૧૧૭/એમ/એલએક્યુ/૨૦૧૬/૧૪૭૮/ઘ તેમજ આ જાહેરનામાને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન

નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ

(૨૬) સન ૨૦૦૩ના ભારતીય વીજ અધિનિયમ અન્વયેના ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગના સન ૨૦૧૩ થી ૨૦૧૯ સુધીના વિનિયમો તથા સન ૨૦૧૯ સિવાયના તમામ વિનિયમોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન

માનનીય ઊર્જા મંત્રીશ્રી સૌરભભાઇ પટેલ

(૨૭) સન ૨૦૧૩ના રાષ્ટ્રીય અન્ન સુરક્ષા અધિનિયમ અન્વયેના, અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના વિભાગના

(૧) તા.૬-૮-૨૦૧૮ના જાહેરનામા ક્રમાંક-જીટીએચ/૨૦૧૮/૨૦/ પીડીએસ/ ૧૦૨૦૧૮/ ૪૩૭/ક-૧.

(૨) તા.૧૪-૯-૨૦૧૮ના જાહેરનામા ક્રમાંક-જીટીએચ/૨૦૧૮/૨૫/ પીડીએસ/૧૦૨૦૧૮/૧૭૫/સી-૧.

(૩) તા.૨૪-૧૦-૨૦૧૮ના જાહેરનામા ક્રમાંક-જીટીએચ/૨૦૧૮/૨૮/ પીડીએસ / ૧૦૨૦૧૮/૨૨૧/ક-૧.

તેમજ આ જાહેરનામાને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન

માનનીય અન્ન, નાગરિક પુરવઠા મંત્રીશ્રી જયેશભાઇ રાદડીયા

(૨૮) સન ૨૦૦૫ના માહિતીનો અધિકાર અધિનિયમ અન્વયેના ગૃહ વિભાગના,

(૧) તા.૨૨-૧૦-૨૦૧૮ના જાહેરનામા ક્રમાંક-જીજી/૧૦૨૦૧૮/ ૮૦/ એલઆરવી / ૧૦૨૦૧૮/૭૯૨/એચ

(૨) તા.૩-૧૧-૨૦૧૮ના જાહેરનામા ક્રમાંક-જીજી/૧૦૨૦૧૮/૮૩/ આરટીઆઇ/ ૧૦૨૦૧૭/૨૪૯/સી

માનનીય રાજયકક્ષાના ગૃહ મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજા

## ૫. માનનીય અધ્યક્ષશ્રીની જાહેરાત

માનનીય અધ્યક્ષશ્રીએ સને ૨૦૧૮-૧૯ના વર્ષમાં રચાયેલી વિધાનસભાની તમામ સમિતિઓની મુદત આગામી સત્ર સુધી લંબાવવા અંગેની જાહેરાત કરી.

## ૬. વિધાનસભાની સમિતિના અહેવાલની રજૂઆત

### (૧) અનુસૂચિત જનજાતિઓના કલ્યાણ માટેની સમિતિના પહેલા અહેવાલની રજૂઆત

અનુસૂચિત જનજાતિઓના કલ્યાણ માટેની સમિતિના પ્રમુખશ્રી મોહનભાઇ ઢોડિયાએ સમિતિનો પહેલો અહેવાલ રજૂ કર્યો.

### (૨) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોના કલ્યાણ માટેની સમિતિના પહેલા અહેવાલની રજૂઆત

સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોના કલ્યાણ માટેની સમિતિના પ્રમુખશ્રી શંભુજી ઠાકોરે સમિતિનો પહેલો અહેવાલ રજૂ કર્યો.

### (૩) સભાગૃહની બેઠકોમાંથી સભ્યોની ગેરહાજરી બાબતની સમિતિના બીજા અહેવાલની રજૂઆત.

સભાગૃહની બેઠકોમાંથી સભ્યોની ગેરહાજરી બાબતની સમિતિના પ્રમુખશ્રી મહેશકુમાર રાવલે સમિતિનો બીજો અહેવાલ રજૂ કર્યો.

## ૭. સભાગૃહની બેઠકોમાંથી સભ્યોની ગેરહાજરી બાબતની સમિતિના પ્રમુખશ્રી મહેશકુમાર રાવલનો પ્રસ્તાવ

સભાગૃહની બેઠકોમાંથી સભ્યોની ગેરહાજરી બાબતની સમિતિના પ્રમુખશ્રી મહેશકુમાર રાવલે નીચે મુજબનો પ્રસ્તાવ રજૂ કર્યો.

''આ સભાગૃહ સભાગૃહની બેઠકોમાંથી સભ્યોની ગેરહાજરી બાબતની સમિતિના બીજા અહેવાલ સાથે સંમત થાય''

પ્રસ્તાવ મત પર મુકવામાં આવ્યો અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

૮. **છેલ્લા દિવસનો પ્રસ્તાવ (નિયમ-૧૦૨)**

સભ્યશ્રી કાંતિભાઇ સોઢા પરમારે, ''ચાલુ વર્ષે રાજયમાં ખૂબ જ ઓછો વરસાદ થવાથી અછતગ્રસ્ત તાલુકાઓમાં સસ્તી વીજળી, સિંચાઇનું પાણી, ખાતર-બિયારણ પૂરા પાડવા તેમજ રાહત કામો શરૂ કરી ઘાસચારો પૂરો પડવા અને ખેડૂતોને સહાય ચૂકવવા'' અંગેનો પ્રસ્તાવ રજૂ કર્યો અને તેના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યકત કર્યું.

ત્યારબાદ નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી અર્જુનસિંહ ચૌહાણ
(૨) શ્રી દેવાભાઇ માલમ
(૩) શ્રી વિરજીભાઇ ઠુમ્મર
(૪) શ્રીમતી સીમાબેન મોહિલે

૯. **વિરામનો સમય રદ કરવા અંગે**

વિરામનો સમય થવા આવતા, માનનીય મુખ્ય દંડકશ્રી પંકજભાઇ દેસાઇએ સભાગૃહનું આજનું કામકાજ પૂરું થાય ત્યાં સુધી વિરામનો સમય રદ કરી અને સભાગૃહનો સમય લંબાવવા અંગેની દરખાસ્ત રજૂ કરી જેને વિરોધપક્ષના દંડકશ્રીએ સમર્થન કરતા તદ્અનુસાર વિરામનો સમય રદ કરવામાં આવ્યો.

૧૦. **છેલ્લા દિવસનો પ્રસ્તાવ (નિયમ-૧૦૨) (ક્રમશઃ)**

ત્યારબાદ સભ્ય શ્રીમતી સીમાબેન મોહિલેએ પોતાનું અધૂરું રહેલ પ્રવચન પૂર્ણ કર્યું.

ત્યારબાદ નીચેના વધુ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૫) શ્રી પ્રવિણભાઇ મુસડીયા
(૬) ડો. નીમાબેન આચાર્ય
(૭) શ્રી પ્રતાપભાઇ દુધાત

ચર્ચાનો જવાબ માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે આપ્યો.

**છેલ્લા દિવસના પ્રસ્તાવની ચર્ચા પૂરી થઇ.**

૧૧. **સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા અતારાંકિત પ્રશ્નો અને તેના જવાબો (નિયમ ૮૭ -ક)**

સચિવશ્રીએ, ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૮૭ (ક) અન્વયે ૮૬૭ અતારાંકિત પ્રશ્નો અને તેના જવાબો સભાગૃહના મેજ ઉપર મૂકયા.

૧૨. **શિવરાત્રી કુંભ મેળામાં નિમંત્રણ**

માનનીય રાજયકક્ષાના યાત્રાધામ વિકાસ મંત્રી શ્રીમતી વિભાવરીબેન દવેએ તા. ર૭મી ફેબ્રુઆરી-ર૦૧૯ થી તા. ૪થી માર્ચ-ર૦૧૯ દરમિયાન જુનાગઢ ખાતે મહાશિવરાત્રી નિમીત્તે યોજાનાર શિવરાત્રી કુંભ મેળાની મુલાકાત લેવા સભાગૃહના સૌ સભ્યોને નિમંત્રણ પાઠવ્યું.

૧૩. **સભાગૃહની બેઠક અનિશ્ચિત મુદ્દત માટે મુલતવી રાખવા અંગે**

માનનીય અધ્યક્ષશ્રીએ સાંજના ૫-૩૧ કલાકે વિધાનસભાના નિયમોના નિયમ ૯(૧) અન્વયે સભાગૃહની બેઠક અનિશ્ચિત મુદત માટે મુલતવી રાખી.

**ત્યારબાદ ''વંદે માતરમ્'' રાષ્ટ્રીય ગીતની ધૂન બજાવવામાં આવી.**

ડી.એમ.પટેલ
સચિવ,
ગુજરાત વિધાનસભા.

ગુજરાત વિધાનસભા સચિવાલય,
ગાંધીનગર.
તા. રરમી ફેબ્રુઆરી, ર૦૧૯